Gujarati

# પુખ્ત વયનાઓને (એડલ્ટ) દુરુપયોગમાંથી રક્ષણ આપવા વિષે



"બધાજ લોકોને હિંસા (વાયલન્સ) અને દુરુપયોગમાંથી (અબ્યૂઝ) મુકતરીતે જીવન જીવવાનો અધિકાર હોય છે."

*સેઇફગાર્ડીંગ એડલ્ટસ*

ADASS 2005

લોકોનો દુરુપયોગ (અબ્યૂઝ) થઈ રહયો છે અથવા દુરુપયોગ કરવા તેઓને લલચાવવામાં આવે છે તે તેઓને માટે કબૂલ કરવું મુશ્કેલ લાગી શકે.

જયારે દુરુપયોગ એવી કોઇ વ્યકિત સામે કરવામાં આવે કે જેઓ પોતાનું રક્ષણ કરવા ઓછા સમર્થ હોય ત્યારે આ વધારે ગંભીર બને છે.

બ્રેન્ટમાં (Brent), અમે આવી વર્તણૂંકનો શૂન્ય (ઝિરો) સહનશીલતાનો અમલ કરીએ છીએ, કારણકે અમે જાણીએ છીએ કે દરેક વ્યકિતને દુરુપયોગમાંથી મુકતરીતે જીવન જીવવાનો અધિકાર હોય છે. ખરૂને?

અમારી સાથે વાતચીત કરો. સાથે ભેગામળીને આપણે બ્રેન્ટમાં (Brent) આવા દુરુપયોગને દૂર કરીશું.

સમર્થિત (સપોર્ટ) કરનાર

- હાઉસીંગ એન્ડ કમ્યૂનિટિ કેઅર ડિપાર્ટમેન્ટ, બ્રેન્ટ કાઉન્સિલ (Brent Council)
- બ્રેન્ટ (Brent) NHS ટીચીંગ પ્રાયમરિ કેઅર ટ્રસ્ટ
- મેટ્રોપોલિટન પોલિસ (Police)
- બ્રેન્ટ (Brent) અસોસિએશન ફોર વોલન્ટરિ એકશન (BrAVA)
- બ્રેન્ટ (Brent) કેરર્સ સેન્ટર

Brent Council

The Princess Royal Trust Brent Carers Centre

Brent Association for Voluntary Action

Metropolitan Police

Brent NHS Teaching Primary Care Trust

## સંપર્ક માટેની વિગતો

બ્રેન્ટ કાઉન્સિલની (Brent Council) વન સ્ટોપ સર્વિસ
ટેલિ 020 8937 4300

પોલિસને (Police) રિપોર્ટ કરવાનો નંબર
ટેલિ 020 7372 1212

બ્રેન્ટ (Brent) કેરર્સ સેન્ટર (કેરર માટે)
ટેલિ 020 8795 6240

એકશન ઓન એલ્ડર અબ્યૂઝ હેલ્પલાઈન
ટેલિ 080 8808 8141 (ફ્રીફોન)

**યાદ રાખો, જો તે કટોકટી (ઇમર્જન્સિ) હોય તો, ડાયલ 999.**

આ પત્રિકા બ્રેન્ટમાં હરકત-નુકશાન થઈ શકે તેવા (વલનરેબલ) પુખ્ત વયનાઓના રક્ષણ માટે છે. ગુજરાતી ભાષામાં નકલ માટે યોગ્ય બોક્સમાં નિશાની કરી અને નીચેનું ફોર્મ પૂરું કરો. ☐ GUJERATI

यह पुस्तिका ब्रेंट में असुरक्षित (वलनरेबल) व्यक्तियों को संरक्षण देने के बारे में है। हिन्दी में इस पत्रिका की कॉपी हासिल करने के लिये कृपया खाने में निशान लगाएं और निम्न फार्म भरें। ☐ HINDI

ਇਹ ਦਸਤੀ ਇਸ਼ਤਿਹਾਰ ਬ੍ਰੈਂਟ ਵਿਚ ਕਮਜ਼ੋਰ ਬਾਲਗਾਂ ਦੀ ਸੁਰੱਖਿਆ ਬਾਰੇ ਹੈ। ਪੰਜਾਬੀ ਬੋਲੀ ਵਿਚ ਇਸ ਦੀ ਇਕ ਨਕਲ ਲੈਣ ਲਈ ਉਚਿਤ ਖਾਨੇ ਵਿਚ ਸਹੀ ਮਾਰੋ ਅਤੇ ਹੇਠਲਾ ਫਾਰਮ ਭਰੋ। ☐ PUNJABI

பிரென்டிலுள்ள பாதிக்கப்படத்தக்க வயதுவந்தோரின் பாதுகாப்பு பற்றியது இந்தத் துண்டுப்பத்திரம். தமிழில் ஒரு பிரதி பெற, சரியான பெட்டியில் அடையாளமிட்டு கீழுள்ள படிவத்தை நிரப்பவும் ☐ TAMIL

یہ کتابچہ برینٹ میں غیر محفوظ افراد کو حفاظت دینے سے متعلق ہے۔ اردو میں اس کتابچے کی کاپی حاصل کرنے کے لیے براہ مہربانی خانے میں نشان لگا کر مندرجہ ذیل فارم بھریں۔ ☐ URDU

રવાના કરો: **One Stop Service, Support Office, Brent Town Hall, Forty Lane, Wembley, Middlesex HA9 9HD**

નામ ____________________

સરનામુ ____________________

____________________

____________ પોસ્ટકોડ ____________

02.08BDU5641

મોટા ભાગના લોકોને બીજાઓને મદદરૂપ થવાનુ ગમે છે, અને આપણામાંના ઘણા બધા લોકો આ સારી રીતે કરી, સારી ગુણવતાવાળી કેઅર (સંભાળ) પૂરી પાડતા હોય છે, પછી ભલે તે ધંધાધારી (પ્રફેશનલ) તરીકે હોય અથવા કોઇ એક મિત્ર કે સગા - સંબંધી તરીકે.

આમ છતાં પણ, કોઇકવખત, કેઅર લેવાનું પૂરતું હોતુ નથી, કારણકે કાંતો અજાણ, બેદરકારી અથવા પ્રસંગોવાર, હેતુપૂર્વકના કાર્યો દ્વારા, તે કદાચ દુરુપયોગી (અબ્યૂસિવ) રહી અને ઘણુ બધુ નુકસાન કરી શકે.

જે લોકો પોતાની સંભાળ - કાળજી લેવા થોડા અસમર્થ હોય તેઓને નુકસાન - હાનિ અથવા ઉપેક્ષા થવાનો ભય વધારે હોય છે અને તેઓનો સરળતાપૂર્વક લાભ લઇ શકાય.

બ્રેન્ટ (Brent), આવા દુરુપયોગનો (અબ્યૂઝ) શૂન્ય (ઝિરો) સહનશીલતાનો અમલ કરે છે, અને આપણે સાથે ભેગામળીને તેની સામે રક્ષણ આપી શકીએ.



**આપણે દુરુપયોગમાંથી કોનું રક્ષણ કરી શકીએ ?**
18 અથવા તેના કરતાં મોટી વયના પુખ્ત વયનાઓ કે:

- **જેઓને ડિસબિલિટિ (વિકલાંગતા) અથવા બીમારીના કારણે મદદની જરૂર હોય**
- **જેઓ મહત્વપૂર્ણ હાનિ અથવા શોષણ થવામાંથી પોતાનું રક્ષણ અથવા કેઅર લેવા અસમર્થ હોય**

**દુરુપયોગ (અબ્યૂઝ) એ શું છે ?**
“બીજી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા કોઇ વ્યકિતના માનવ (હ્યૂમન) અને નાગરિક કે સિવિલ અધિકારોનો ભંગ કે ઉલ્લંઘન એ દુરુપયોગ છે.” ***નો સિક્રેટસ***
ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ 2000

દુરુપયોગ હોઇ શકે:

- **શારીરિક,** જેમકે આંચકો- ધકકો મારી અથવા ફટકો મારીને
- **જાતીય,** જેમકે અનિચ્છનીય જાતીયને લગતી પ્રવૃતિઓ
- **માનસિક (સાઇકોલોજિકલ) અથવા લાગણીવાળો,** જેમકે ધાકધમકી, બૂમો પાડી અથવા જબરદસ્તીથી કે બીક બતાવવી
- **નાણાકીય,** જેમકે ચોરી કરીને અથવા નાણા રોકીને
- **બેરદરકારી અને ઉપેક્ષા - કાર્યલોપના કાર્ય,** જેમકે કોઇકની સંભાળ રાખવા માટે નિષ્ફળતા
- **ભેદભાવવાળી,** જેમકે ગેરવાજબી વર્તાવ
- **સંસ્થાગત,** જયારે કોઇ સંસ્થા વ્યકિતગત નુકસાનનો વ્યવહાર કરતી હોય

**કોણ દુરુપયોગ કરે છે ?**
દુરુપયોગ કરનાર કોઇ પણ વ્યકિત હોઇ શકે, અને તે હેતુપૂર્વક હોય તેમ જરૂરી નથી. તે હોઇ શકે:

- પગારદાર કેઅર વર્કસ (કાર્યકરો)
- કેરર
- ધંધાધારી (પ્રફેશનલ) સ્ટાફ
- સ્વયંસેવકો
- બીજા સર્વિસ યૂઝર્સ
- સગા અથવા કૌટુંબિક સભ્યો
- મિત્રો અથવા પાડોશીઓ
- અજાણ્યા માણસો



**દુરુપયોગ કયાં થઇ શકે ?**

દુરુપયોગ લગભગ કોઇ પણ સ્થળે થઇ શકે :

- **વ્યકિતના પોતા ઘરમાં**
- **કોઇ બીજી વ્યકિતના ઘરમાં**
- **નર્સીંગ અને રેસિડેન્શ્યલ ઘરમાં (હોમ્સ)**
- **ડે સેન્ટરોમાં**
- **હોસ્પિટલ્સમાં**
- **જાહેર (પબ્લિક) સ્થળમાં**







**હું શું કરી શકું જો :**

- **મારો દુરુપયોગ થતો હોય?**
- **હું જાણુ છું અથવા કોઇ વ્યકિતનો દુરુપયોગ થતો હોય તેની શંકા હોય**
- **હું કોઇકનો દુરુપયોગ કરુ તેવી બીક હોય**

આ પત્રિકાની પાછળ આપેલ કોઇ એક નંબર ઉપર અમારો સંપર્ક કરો.

**શું થશે ?**

- **અમે તમારા સમાચારને ગંભીરતા પૂર્વક લઇશું.**
- **અમે બાબતની તપાસ કરીશું**
- **દુરુપયોગ કરવામાં આવતી વ્યકિતનું અમે સંરક્ષણ કરીશું.**
- **અમે તમને માહિતી આપીશું**

**દુરુપયોગની અવગણના કરશો નહિ - જો તમે સમાચાર નહિ આપો તો કદાચ બીજાઓ જોખમ - ભયમાં રહી શકે.**

**ચાલો આપણે સાથે ભેગામળીને બ્રેન્ટમાં (Brent), દુરુપયોગ બંધ કરીએ.**